અપીલ અરજી નં.૧૩૯ તા.૨૮–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડીસીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ ની તા.૩૦–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં (૧) રઘુવીર બીઝનેસ એમ્પાયર , ટીપી –૫૩ (મગોબડુંભાલ ), સ્કાવ્યુની સામે, પુણારોડ. (૨) ડીઆર વર્લ્ડ, મોલ અને મલ્ટીપ્લેકસ, સુદર્શન મીલની બાજુમાં, શુભમ કોમ્પલેક્ષની બાજુમાં , કડોદરા રોડ.વિ.મુદ્દા નં (૧)થી (૯)ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૩૯/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ ની તા.૩૦–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં (૧) રઘુવીર બીઝનેસ એમ્પાયર,ટીપી–૫૩ (મગોબડુંભાલ),સ્કાવ્યુની સામે, પુણારોડ.(૨) ડીઆર વર્લ્ડ,મોલ અને મલ્ટીપ્લેકસ, સુદર્શન મીલની બાજુમાં, શુભમ કોમ્પલેક્ષની બાજુમાં, કડોદરા રોડ.વિ.મુદ્દા નં (૧)થી (૯)ની માહિતી આપવા બાબતે ડે.કમિ. અને (પી એન્ડ ડી ) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટી. ડી. ઓ.૧૦૯૩ તા. ૨૧–૬–૧૧તથા સા. વે.(અઠવા)ઝોન, આરટીઆઈ, ૩૧૭ તા ૨૧–૬–૧૧ના નિર્ણયથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે વધુમાં અરજદારે અરજીથી માંગેલ નિર્દિષ્ટ વિગતો રજાચિઠ્ઠી પ્લાનના આનુષાંગિક કાગળો સિવાય સંકલિત રીતે અલાયદી આંકડાકીય ધોરણે નિભાવાય છે કે કેમ ? તે અંગે પણ દફતરી હકીકત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૪ તા.૧–૭–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) , એડીસીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના સંદર્ભમાં નિર્દિષ્ટ પત્રો અન્વયે ફી ભરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે પછી શું નારાજગી છે તે સ્પષ્ટ કરવા તથા તેમને જો ફી ભરવા સામે વાંધો હોય તો કલમ ૭ (૩) હેઠળ તેવા નિર્ણયની સમીક્ષા માટે જહેર માહિતી અધિકારીને આધાર સહ રજૂઆત કરેલ છે કે કેમ ? તે અંગે તેમજ પ્રસ્તાવ કરેલ હોવા છતાં ઈન્કાર ગણી અપીલ માટેનું વાજબીપણું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફે સંકલન આરટીઆઈના નામથી તા.૭–૭–૧૧ ના રોજના પત્રથી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૭૩૩ તા.૬–૬–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (અઠવાઝોન, રાંદેરઝોન, વરાછાઝોન, સેન્ટ્રલઝોન, ઉધનાઝોન, કતારગામઝોન)ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને નિયત સમય અવધિ બાદ વિલંબથી આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૦૩ તા.૧૨–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૮૯ તા.૬–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૮૧ તા.૩૦–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૨૪૯ તા.૬–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોને તબદીલ

કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૪૮૬ તા.૧૦–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૩૨ તા.૧૪–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૫૦ તા.૧૩–૬–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, લીબાંયતઝોને તબદીલ કરેલ પત્રની નકલ , મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૭ તા.૨૦–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમા અરજદારની મુળ અરજીની નકલ, લીંબાયતઝોને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/ ૧૦૯૩ તા.૨૧–૬–૧૧ થી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપેલ તેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૩૨/૧ તા.૨૫–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, લીંબાયતઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ , અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૩૫ તા.૨૨–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૨૪૭ તા.૧૬–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, લીબાંયતઝોન તરફથી તમામઝોન અને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩૦–૫–૧૧ ની અરજીથી (૧) રઘુવીર બીઝનેસ એમ્પાયર,ટીપી–૫૩ (મગોબડુંભાલ),સ્કાયવ્યુની સામે, પુણારોડ.(૨) ડીઆર વર્લ્ડ,મોલ અને મલ્ટીપ્લેકસ, સુદર્શન મીલની બાજુમાં, શુભમ કોમ્પલ ેકસની બાજુમાં, કડોદરા રોડ.(૩) કડોદરા રોડ ડીવાઈન ચાઈલ્ડ સ્કુલની બાજુમાં ઈન્ટરસીટી શોપીંગ સેન્ટરની સામે, પુલથી પૂર્વ તરફ પાસેની જ ભવ્ય ઈમારતની કાયદેસરતા તેમજ પાછળ આવેલી ખાડીમાં માટી પુરાણ અંગે (૪) શિવાલીક સ્કેવેર, ટીપી એસ નં.૬૯ ગોડાદરા ડીંડોલી (૫) સીલીકોન ફલેટ હાઈરાઈઝ–૧ મહેશ્વરપાર્ક સોસા. સામે, ગોડાદરા રોડ, (૬) સુદર્શન બિલ્ડીગ પ્રમુખ ડો. હાઉસની બાજુમાં પશ્ચિમે , પુણા રોડ, (૭) લીબાંયતઝોન પાસે જેએનએનયુઆરએમ પાસેની બિલ્ડીગની બાજુમાં ભવ્ય ઈમારતનું હાલમાં ચાલું બાંધકામ (૮) ગૌરવપંથ ડુમ્મસરોડ સ્થિત રાહુલરાજ સીટી મોલ (૯) રીંગરોડ સબજેલ સામે આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની બાજુમાં વાડેકર હોસ્પિટલ પાસે હાલમાં ચાલુ બાંધકામ ઉપરોકત તમામ બાંધકામો જે હાલમાં ચાલુ હોય આ અંગેની પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ, પાર્કીગ, રજાચિઠ્ઠી તથા બિલ્ડરો અને આ જમીનના મુળ. માલીકો તેમજ મનપા તથા સરકારશ્રી તરફથી મેળવવા મંજુરી બાબતની સંપૂર્ણ આંકડાકીય માહિતી તથા આ બાંધકામમાં માર્જીન કે સીઓપીની છોડવાની થતી જગ્યા અને ખરેખર છોડવામાં આવેલ જગ્યા સહિતની સપૂંર્ણ મુદ્દા નં (૧)થી (૯)ની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને અરજી કરવામાંઆવેલ. જેના અનુસંધાને લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૭૩૩ તા.૬–૬–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (અઠવાઝોન, રાંદેરઝોન, વરાછાઝોન, સેન્ટ્રલઝોન, ઉધનાઝોન, કતારગામઝોન)ને અરજદારની જાણ હેઠળ સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ અને તેનો જવાબ પરભારે મેળવી લેવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૦૩ તા.૧૨–૭–૧૧ થી પ્રશ્નમાં દર્શાવેલ તમામ મિલ્કતોની મંજુરીની ફાઈલ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને લાગત હોય વરાછાઝોનની માહિતી નીલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૨૮૧ તા.૩૦–૬–૧૧ થી રાંદેરઝોન કચેરી ખાતે સદર માહિતી લાગુ પડતી ન હોય માહિતી નીલ છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૪૮૬ તા.૧૦–૬–૧૧ થી અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગેની વિગતોનો અભ્યાસ કરતાં કતારગામઝોનને લાગત હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે.જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૩૫ તા.૨૨–૬–૧૧ થી સદર મિલ્કતમાં કોમર્શીયલ પ્રકારની કોઈ સેન્ટ્રલઝોનના કાર્યક્ષેત્રમાં આવતી નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝનો તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૫૦ તા.૧૩–૬–૧૧ થી અરજદારની જાણ હેઠળ સંપૂર્ણ ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કર્યા અંગેનું જણાવેલ છે. જયારે ઉધનાઝોન તરફથી અરજદારને કોઈ વિગતો પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતી ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી અરજદારને તેઓના મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી પત્ર નં.ટીડીઓ/૧૦૯૩ તા.૨૧–૬–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દામાં જણાવેલ મિલ્કત બાબતોની વિગતો પૂરી પાડવામાં આવેલ છે. (૧) ટીપી સ્કીમ નં.૫૩ (મગોબ) –ડુંભાલ) ટી.આર. પ્લાન મુજબના ફા.પ્લોટ નં.૩,૪,૫ વાળી જગ્યા પર ટીડીઓ/ડીપી નં.૪૧ તા.૧૨–૫–૧૦ થી બાંધકામના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે. જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૧૧ ની નકલ ફી ના રૂા.૧૧૦૨/– (અંકે રૂપિયા એક હજાર એકસો બે પૂરા) શહેર વિકાસ વિભાગમાં ભરપાઈ કર્યેથી નકલો આપી શકાય તેમ છે. (૨) ટીપી સ્કીમ નં.૩૪ (મગોબ–ડુંભાલ) ફા.પ્લોટ નં.૫,૬,૭ વાળી જગ્યા પર ટીડીઓ/ડીપી નં. ૪૧ તા.૨૮–૫–૦૮ થી પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૧૫ ની નકલો નકલ ફી ના રૂા.૧૨૦૨/– (અંકે રૂપિયા એક હજાર બસો બે પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. (૩) ટીપી સ્કીમ નં. ૩૪ (મગોબ–ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૫/૧ વાળી જગ્યા પર ટીડીઓ/ડીપી નં.૧૬૩ તા.૧૭–૯–૦૯ થી હાઈરાઈઝ કોમર્શીયલ બિલ્ડીગના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૯ ની નકલો નકલ ફી ના રૂા.૪૫૨/– (અંકે રૂપિયા ચારસો બાવન પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. (૪) ટીપી સ્કીમ નં.૬૯ (ગોડાદરા–ડીંડોલી) ફા.પ્લોટ નં.૩૫ પૈકી સબ પ્લોટ નં.૧ વાળી જગ્યા પર ટીડીઓ/ડીપી નં.૩૩૧ તા.૨૨–૩–૧૧

થી લો રાઈઝ કોમર્શીયલ, રેસીડેનસીયલ પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૯ ની નકલો નકલ ફી ના રૂા.૭૧૫/– (અંકે રૂપિયા સાતસો પંદર પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. (૫) ટીપી સ્કીમ નં.૬૧ (પરવત–ગોડાદરા) બ્લોક નં.૩૩ સબ પ્લોટ નં. ટીડીઓ/ડીપી નં.૧૩૭ તા.૨૬–૮–૦૯ થી રેસી. હાઈરાઈઝ બિલ્ડીગના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૧૨ ની નકલો નકલ ફી ના રૂા.૧૨૦૨/– (અંકે રૂપિયા એક હજાર બસો બે પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. (૬) ટીપી સ્કીમ નં.૫૩ (મગોબ–ડુંભાલ) ના ફા.પ્લોટ નં.૭ વાળી જગ્યા પર ટીડીઓ/ડીપી નં.૮૮ તા.૨૮–૬–૧૦ થી હાઈરાઈઝ કોમર્શીયલ બિલ્ડીગના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા બાંધકામના પ્લાન નંગ–૩ ની નકલો નકલ ફી ના રૂા.૩૦૨/– (અંકે રૂપિયા ત્રણસો બે પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. (૭) પ્રશ્નવાળી મિલ્કત કઈ છે તેની ચોકકસ માહિતી પૂરી પાડયેથી માહિતી આપી શકાય. (૮) ટીપી સ્કીમ નં.૨૮ (રૂંઢ –વેસુ ) ફા.પ્લોટ નં.૩૧ વાળી જગ્યા પર ટીડીઓ/ડીપી નં.૪૪ તા.૧૪–૫–૧૦ થી કોમર્શીયલ લો રાઈઝ વીથ મલ્ટીપ્લેક્ષ બિલ્ડીંગના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૧૧ ની નકલો નકલ ફી ના રૂા.૧૧૦૨/– (અંકે રૂપિયા એક હજાર એકસો બે પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. (૯) વોર્ડ નં.૨ નોંધ નં.૧૩૩૧/એ/૧/બી/૧/૪ વાળી મિલ્કતમાં ટીડીઓ/ડીપી નં.૬૬ તા.૩–૬–૧૦ થી લો રાઈઝ કોમર્શીયલ બિલ્ડીગના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠી તથા પ્લાન નંગ–૧૫ ની નકલો નકલ ફી ના રૂા.૩૦૨/– (અંકે રૂપિયા ત્રણસો બે પૂરા) ભરપાઈ કર્યેથી તેની નકલ આપી શકાય તેમ છે. આમ જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાય છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન, અઠવાઝોન તેમજ મધયસ્થ શહેર વિકાસ વિભાગને પક્ષકાર બનાવી શહેર વિકાસ વિભાગના પત્ર નં.ટીડીઓ/૧૦૯૩ તા.૨૧–૬–૧૧ અને અઠવાઝોનના પત્ર નં.આરટીઆઈ /૩૧૭ તા.૨૧–૬–૧૧ બાબતે નારાજગી દર્શાવી અને રૂપિયા ભરપાઈ કરવાનો નિર્ણય આડા પાટે ચઢાવી માહિતી નહીં પૂરી પાડવાનું હોવાનું જણાવી તા.૨૮–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં હકીકતમાં નકશા અને પ્લાનોમાં સબ સલામત હોવા છતાં સ્થળ ઉપર હકીકત કંઈ જુદી જ હોવાની રજૂઆત કરેલ છે. વધુમાં નકશા અને પ્લાનની નકલો સિવાયની માહિતી પૂરી પાડવાની માંગણી કરેલ છે. આમ અરજદારે અઠવાઝોન તરફથી જે પત્રની રજૂઆત કરેલ છે તે પત્રને આધાર તરીકે રજૂ કરી અપીલ કરેલ છે. તે અરજદારની તા.૨–૬–૧૧ ની આઈ ડી નં.૯૮ બાબતેની રજૂઆત કરેલ છે. જયારે અરજદારે અપીલમાં તા.૩૦–૫–૧૧ ની અરજી જે લીંબાયતઝોન તરફથી આ.નં.૭૩૩ તા.૬–૬–૧૧ ના રોજ તબદીલ થયેલ છે જેનો આઈ ડી નં.૧૦૬ તા.૮–૬–૧૧ જણાવેલ છે. આથી અરજદારની સંદર્ભ પત્ર સાથે અપીલની રજૂઆત અન્ય અરજી સાથેનો હોઈ અપીલનું કારણ ઉત્પન થાય નહીં. વધુમાં અરજદારે મુળ અરજીમાં નકશાઓની કોઈ માંગણી કરેલ નથી તેમજ અરજદારે અપીલમાં પણ નકશા અને પ્લાનની નકલો સિવાયની જમીનના મુળ માલીકો તથા સીઓપીની છોડવાની જગ્યા અને ખરેખર છોડેલી જગ્યાની માંગણી કરેલ છે. પરંતુ અરજદારે રજાચિઠ્ઠી અને પ્લાન અને રજાચિઠ્ઠી જેવી નકશા સિવાયની વિગતો બાબતે જાહેર માહિતી અધિકારીના પ્રસતાવ મુજબના નાણા ભરપાઈ કરી માહિતી મેળવેલ હોય તેવું પૂરક વિગતોમાં પત્ર પાઠવવા છતાં પણ જણાવેલ નથી. તેમજ અરજદારને પ્લાન પાસ અંગેની મુદ્દા નં.૭ સિવાયની તમામ વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૭ ની ચોકકસ મિલ્કત અંગેની માહિતી પૂરી પાડયેથી માહિતી આપવા જણાવેલ તેથી તે અંગે માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારીને પૂરી પાડવાની રહે. વધુમાં જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ કક્ષાએથી પૂરક વિગતોમાં અરજદારે તેમની અરજીથી માંગેલ નિર્દિષ્ટ વિગતો રજાચિઠ્ઠી, પ્લાનની આનુષાંગિક કાગળો સિવાય સંકલિત રીતે અલાયદી રીતે આંકડાકીય ધોરણે અલગ નિભાવવામાં આવતી નથી તેવું જણાવેલ છે.

અરજદારે તેમની મુળ અરજી માંગેલ પરવાનગી, કાયદેસરતા, માળ, ક્ષેત્રફળ, પાર્કીગ, રજાચિઠ્ઠી તથા બિલ્ડરોની જમીના મુળ માલિકો અંગેની માહિતી પૈકી પરવાનગી માહિતી મુદ્દા નં.૭ સિવાય જાહેર માહિતી અધિકારીએ આપેલ છે જ. જયારે મુદ્દા નં.૭ અંગે અરજદારની સંદિગ્ધ વિગતો જોતાં સ્પષ્ટતા કરવા અરજદારને જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે જણાવેલ પૂરક વિગત ધ્યાને લેતાં જયારે તેવી વિગતો અલાયદી સંકલિત ધોરણે ન હોઈ તેવા સંજોગોમાં અરજદારે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ નિયત દસ્તાવેજ ફી ભરવાનો પ્રત્યુત્તર કાયદાની જોગવાઈ સાથે સુસંગત છે. જેથી માહિતીના ઈન્કારનો કોઈ કેસમાં આ તબકકે બનતો નથી.

અરજદારની અપીલમાંની રજૂઆત નકશા અને પ્લાન સબ સલામત અને સ્થળ પરની હકીકત જુદી હોવાની રજૂઆત આરટીઆઈ કાયદા ની કલમ–૨(એફ) અને ૨ (જે) ની જોગવાઈ અનુસાર " ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ સાથે સુસંગત નથી.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૩૦/૫/૧૧ની અરજી થી માંગવામાં આવેલ માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસએ પરવાનગીની માહિતી પૂરી પાડી બાકીની માહિતી અંગે નિયત દસ્તાવેજ ફી ભરી પૂરી પાડવા તેમજ મુદ્દા નં.૭ અંગે સ્પષ્ટતા કર્યેથી માહિતી પૂરી પાડવા કરેલ પ્રસ્તાવને ધ્યાને લેતાં અરજદારની

અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસના પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવવા સ્વતંત્ર છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પણ અરજી તબદીલ થયેલ હોય જે અંગે યોગ્ય તે પ્રતયુત્તર અરજદારને પાઠવવાનો રહે જે પાઠવેલ નથી તેથી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પ્રત્યુત્તર પાઠવવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે.

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,